સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના
મેડીકલ, એન્જીનીયરીંગ, ટેકનીકલ
અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને
સાધન સહાય આપવા બાબત.
રૂ.૧૦૫.૦૦ લાખ (પ્લાન), વર્ષ ૨૦૧૪-૧૫

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- સશપ-૧૦૨૦૧૩/ નબા -૨૯૧/અ૧
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૫/૮/૧૪

વંચાણે લીધોઃ- (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૩/૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૦૨૦૦૭-ન.બા-૩૩-અ૧
(૨) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨૬/૧૧/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ- વિજાક/શિક્ષણ/ન.બા/૨૦૧૩-૧૪/૩૨૯૨

ઠરાવઃ-

ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ-૧માં દર્શાવેલ ઠરાવથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના મેડીકલ, એન્જીનીયરીંગ, ટેકનીકલ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધન ખરીદવા માટે જે તે અભ્યાસક્રમમાં દાખલ થાય ત્યારે પ્રથમ વર્ષે એક વખત રૂ.૩૦૦૦/- સાધન સહાય આપવામાં આવે છે. આ માટે આવક મર્યાદા રૂ.૫૦,૦૦૦/- છે, આ સાધન સહાયમાં તથા આવક મર્યાદામાં વધારો કરવા નિયામકશ્રી (વિજા) એ તેમના તાઃ ૨૬/૧૧/૨૦૧૩ના પત્રથી કરેલ દરખાસ્તના અનુસંધાને આ નવીબાબત માટે વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજ પત્રમાં કુલ રૂ. ૧૦૫/-લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે પુખ્ત વિચારણાને અંતે આ સાધન સહાય વધારીને મેડીકલના વિદ્યાર્થીને રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓને રૂ. ૫૦૦૦/- (અંકે પાંચ હજાર પુરા) અને ડિપ્લોમાના વિદ્યાર્થીઓને રૂ.૩૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) તેમજ આ અંગે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨.૫૦ લાખ કરવાની નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૦

(૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૩) આ મંજુરી અન્વયે કરવાનો થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ અંગેનો ખર્ચ માગણી નં.૯૨, મુખ્યસદર ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ- અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર (૦૩) પછાતવર્ગોનું કલ્યાણ-ગૌણ સદર-૨૭૭ શિક્ષણ પેટા સદર (૨૪) બીસીકે-૮૦ – તાલીમ અને ઇજનેરી સાધનોની ખરીદી માટે નાણાકીય સહાય હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકના ફાઇલ પર નાણા વિભાગની તા. ૨૩/૬/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતી અન્વયે કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.ભાવસાર)
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ૪, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાતછ રાજકોટ/અમદાવાદ.

પગાર અને હિસાબી અધીકારી, અમદાવાદ/ ગાંધીનગર

સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) ( નિયામકશ્રી, વિ.જા.ક. મારફતે)